# એક

"રેવતી... રેવતી..."

કોઈ બૂમ પાડતું હતું.

દૂ...રથી.

રેવતીની આંખો ખૂલી ગઈ.

અંધારાને કારણે જરા વાર લાગી, આંખોને ગોઠવાતાં, અંધારામાં સેટલ થતાં.

હલ્કા બ્લ્યુ રંગનો લેમ્પ જલી રહ્યો હતો, આછો પ્રકાશ હતો.

તદ્દન શાંતિ પથરાયેલી હતી. ચારે તરફ.

ઘડિયાળની ટક-ટક-ટક-ટક એકધારી ચાલતી હતી.

બાજુની ખુરશીમાં નર્સ ઝોકાં ખાતી હતી.

"ક્યાં છું હું?"

રેવતીએ વિચારવું પડ્યું. "ઓહ હા, હિન્દુજા હૉસ્પિટલનો કમરા નંબર એક હજાર આઠ! દસમે માળે...કૂદી પડી શકાય, મરી જવાય, નક્કી!"

રેવતીના મનમાં વિચાર ઝબકી ગયો. ઊભી થવા ગઈ, પણ, હાથમાં ખોસેલી સોય અને નળી નડી ગઈ.

ઊંધી લટકતી ગ્લુકોઝ અને સેલાઈનની બોટલ ટપકતાં ટીપાંની સાથે રેવતીના શરીરમાં શક્તિ ઊંડેલી રહી હતી–ટપક...ટપક...ટપક

રેવતી થોડીક વાર જોતી રહી, ટપકતાં ટીપાંઓને, એકીટસે, પછી આંખો મીંચી દીધી...

થાક લાગતો હતો. એકધારું જોયા કરવાનો, એકધારું વિચારવાનો, એકધારું જીવવાનો...

કેટલા દિવસ થયા હતા. આ હોસ્પિટલના કમરા નંબર એક હજાર આઠમાં?

આઠ? દસ? બાર?

કોને ખબર?

કેટલા દિવસ થયા, અરીસામાં ચહેરો પણ નથી જોયો.

મા કહેતી હતી, ફિક્કી પડી ગઈ છું હું!"

ડૉક્ટર શાહ કહેતા હતા, "નસીબદાર છો તમે અને તમારી દીકરી બંને! એટલું લોહી વહી ગયું હતું કે, એનું બચી જવું એક ચમત્કાર જ કહેવાય. એ તો ટ્વીનબહેન હતી અને બ્લડ તરત જ ક્રોસ મેચ થઈ ગયું, બાકી આવી રીતે લોહી મળવું પણ અસંભવ જ છે!"

"શું કામ થયો આ ચમત્કાર? અહીં જીવવું કોને છે? સમીર વિના જીવવાનો અર્થ છે કોઈ?"

રેવતીની આંખો છલછલાઈ ઊઠી.

રોજ સવારે ડૉક્ટર શાહ આવતા, પ્લાસ્ટિકિયું સ્માઇલ અને જુનિયર ડૉક્ટરોનું ધાડું લઈને. "ગુડ મોર્નિંગ, હાઉ આર યુ ફિલિંગ નાઉ?" એકસરખો સવાલ, રોજેરોજ.

"બેટર." એકસરખો જવાબ રેવતીનો.

બધુંયે એકધારું, એકસરખું, નિશ્ચિત.

ડિસઇન્ફેક્ટન્ટની વાસ. સ્પન્જ, તાવ અને બ્લડપ્રેશરનો ચાર્ટ... કાંડા પરના ઘાવનું ડ્રેસિંગ– આંખો ખોલી રેવતીએ, હજીયે ડ્રીપ એકધારી ટપક્યાં કરતી હતી. ટપક...ટપક...

કશુંયે અચાનક, અણધાર્યું બનતું નથી. જેમ કે – જેમ કે...

સમીર! સમીરનું આવી પહોંચવું... અચાનક.

સમીર આવીને વળગી પડે મને. માફી માગે, જે થયું એ માટે મને કહી દે કે, "મારી ભૂલ થઈ ગઈ. તને છોડીને ચાલ્યા જવું મારે માટે શક્ય જ નથી, રેવતી. મેં જોઈ લીધું." રેવતી વિચારતી રહી.

"હું તારા વિના જીવી નહીં શકું..." એવું કહી દે સમીર!

આ દિવસો ભૂંસાઈ જાય, ઈરેઝ થઈ જાય... બધું હતું એવું થઈ જાય, નૉર્મલ. પહેલાં જેવું જ... કાંડા પરનો જખમ પણ જાણે હતો જ નહીં.

હંમેશની જેમ! આંખો ખૂલે ને પોતે પલંગ પરથી નીચે પડી ગઈ હોય, મા-બાપુ, નિયતિ, દાદી બધાં જ હસતાં હોય. શિવુકાકી વઢતાં હોય સૌને, "એક તો પડી ગઈ બિચારી, ને બધાં હસો છો...??"

એક ખરાબ, બિહામણું સ્વપ્ન જાણે કે પૂરું થઈ જાય પણ–

સ્વપ્ન ક્યાં હતું આ?

આ તો કમરા નંબર એક હજાર આઠ હતો, 'હિન્દુજા' હૉસ્પિટલનો.

કાંડા પર પાટો બાંધેલો જ હતો. એની નીચે જખમ હતો, ત્રણ ઇંચ લાંબો ને દોઢ ઇંચ ઊંડો. જેમ જેમ દિવસો વીતતા હતા એમ એમ જખમ રૂઝાતો હતો અને સમીરના પાછા નહીં ફરવાની હકીકત વધુ ને વધુ કોરતી હતી ઊંડે ઊંડે... શારડીની જેમ...

...જેવી રીતે બ્લેડ ફરતી હતી કાંડા પર, મજબૂતીથી... હજીયે યાદ છે એ અનુભવ, રેવતીને. આંખો મિંચાઈ એ પહેલાં એણે લોહીનું ખાબોચિયું જોયું હતું. બાથરૂમની ફર્શ પર. પોતે જ બ્લેડથી ચીરો મૂક્યો હતો ડાબા કાંડા પર. જમણા હાથે જરા પ્રેશર આપતાં ફાવે એટલે ખાસ ડાબું કાંડું પસંદ કર્યું હતું.

બાપુ, રેવતીના પિતા, ઘનશ્યામરાય આચાર્ય તો દાઢી રાખતા. ભાઈ હતો નહીં, એટલે જાતે જ જઈને બ્લેડ લઈ આવી હતી.

બધું જ નક્કી હતું. બાથરૂમમાં નહાવા ગઈ. કડી જરા ઢીલી જ બંધ કરી હતી.

ચીરો મૂક્યો. ઊંડો ખોતર્યો અને લોહી ધસી આવ્યું. લાલચોળ, ટપ... ટપ... ટપ... ટપ...

બાથરૂમની ટાઇલ્સ લાલ લાલ ટીપાંથી ઢંકાતી ગઈ.

રેવતી એ ખસી-ખસીને જુદી જુદી જગ્યાએ ટીપાં પાડ્યાં. જાણે વ્હાઇટ પ્લેઇન કપડાં ઉપર લાલ રંગનાં પોલ્કા કૉટની ડિઝાઇન. પછી, ધીમે ધીમે ટીપાં મોટાં થવા માંડ્યાં. સમીરને ખૂબ ગમતાં પોલ્કા ડોટ્સનાં વસ્ત્રો!!!!

રેવતીએ જખમ જરા વધારે ખોતર્યો, બ્લેડ ઘસી. ઝનૂનપૂર્વક.

જાણે સમીરનો વિચાર ખોતરી કાઢવો હોય એમ! લાલ રંગનું એક નાનકડું ખાબોચિયું ભરાવા માંડ્યું...

એ ટબમાં સૂઈ ગઈ અને બેભાન થવાની રાહ જોવા લાગી.

ફર્શ પર ખાબોચિયું મોટું ને મોટું થતું ગયું.

રેવતી એકીટસે જોતી હતી થાક્યા વગર.

ફેલાતો જતો લાલ-લાલ રંગ.

પછી જુદા જુદા રંગોનાં ચકો બનવા માંડ્યાં. આંખ સામે પ્રકાશનાં ધાબાં! આંખો ઘેરાવા માંડી! હાથ પગ શિથિલ થઈ ગયા...

આમ જ આવતું હશે મોત?

રેવતીએ સમીરનો ફોટો કાઢ્યો.

શરારતી સ્મિત અને દિલધડક ચહેરો... આંખોમાં કેદ કરી લીધો એ ચહેરાને જાણે, અને છાતીસરસો ચાંપી આંખો બંધ કરી દીધી. એવા વિશ્વાસ સાથે કે હવે નહીં ખૂલે!

પણ, અત્યારે તો ખૂલી ગઈ હતી આંખો!

કોઈ જાણે બૂમ પાડતું હતું, દૂરથી... “રેવતી... રેવતી...”

રાત્રે અઢી વાગ્યા હતા. ઘડિયાળમાં એક ડંકો પડ્યો.

નર્સનાં ઝોકાં ચાલુ જ હતાં.

“મા શું કરતી હશે અત્યારે?” રેવતી વળી વિચારે ચડી ગઈ. “મા જાગી ગઈ હશે કદાચ. મારા વિશે વિચારતી હશે. હૉસ્પિટલમાં સાથે રહેવા ન દીધી એટલે મનોમન અકળાતી હશે, ચિંતા કરતી હશે. બાધા આખડી લીધી હશે કોણ જાણે કેટલીયે!

ને નિયતિ ઊંઘતી હશે ઘસઘસાટ... ક્યાંક એ હશે ને ક્યાંક એની રજાઈ!

બાપુ ઊંઘવાનો ડોળ કરીને પડખું ફરીને પડ્યા હશે પણ જાગતા જ હશે!

દાદીની ઊંઘ ઊડી ગઈ હશે તો પણ, એ માળા ફેરવતાં પડ્યાં હશે,” રેવતીને ગળામાં ડૂમો ભરાવા લાગ્યો, ને સમીર... સમીર ક્યાં હશે? શું કરતો હશે? આવડી મોટી દુનિયામાં ક્યાં ખોળતો હશે પોતાનાં ‘અસલી માતા-પિતા’, ‘પોતાનાં મૂળ’, ‘પોતાની ઓળખ-’

ગરમ ગરમ રોટલી ને ટપકતું ઘી ન હોય તો જમવા ન બેસે, ભાવતું શાક ન હોય તો ધમાલ મચાવી મૂકે! ભૂખ લાગે તો એક સેકન્ડ રાહ ન જોઈ શકે, એરકન્ડિશન વિના જેને ઘર અધૂરું લાગે એવા ને, એટલા લાડમાં ઊછરેલો. જેણે સુખ અને સગવડ સિવાય કંઈ જોયું જ નથી... ક્યાં ભટકતો હશે એ ભૂખ્યો... તરસ્યો... અકળામણ થવા માંડી રેવતીને –

આવા પ્રગાઢ પ્રણય પછી, લગ્નને દિવસે બરાબર કોઈ આમ ચાલી જાય!? એને બેજવાબદાર ગણવો કે બેદિલ?

ડૂસકું મુકાઈ ગયું રેવતીથી. શ્વાસ રૂંધાતો લાગ્યો. ગળે શોષ પડવા માંડ્યો.

પાણી લેવા માટે ઊઠવાનો પ્રયાસ કર્યો ત્યાં જગ ઉપર મૂકેલો ગ્લાસ પડ્યો. નીરવ શાંતિમાં એ ખણખણાટ ભયંકર રીતે લોબી સુધી પ્રસરી ગયો.

"કૌન હૈ? ક્યા હુઆ?" નર્સ ઝબકીને જાગી ગઈ.

રેવતીની ડ્રીપ ચેક કરી એણે, "ક્યા ચાહિયે?"

"પાણી! પાણી પીવું છે." રેવતીએ ગુનેગાર જેવું સ્મિત કર્યું.

પાણી આપ્યું નર્સે. "તુમ ફિર સે રોતા હૈ, કિતની બાર બોલા જ્યાદા સોચને કા નંઈ. નીંદ નહીં આયેગા તો હમકો જગાને કા"–

રેવતીએ ડોકું ફેરવીને રડવા માંડ્યું. નર્સે માથે હાથ ફેરવ્યો. મૂળ કેરાલાની મુક્તમ્મા હિન્દુજા હૉસ્પિટલમાં રહીને ગુજરાતી પણ બોલી શકતી. બાર દિવસના સહવાસે રેવતી માટે સહાનુભૂતિ પેદા કરી હતી એના મનમાં.

"તારી મા કેટલી ચિંતા કરે છે! પિતા, દાદી કેટલો પ્રેમ કરે છે અને તારી બહેન છે આવી સરસ, સમજદાર! જે થયું એને ભૂલી જા. જિંદગી લાંબી છે, બેટા."

રેવતી રડતી રહી, નિઃશબ્દ.

નર્સે ઊઠીને સિડેટીવ (ઊંઘની ગોળી) આપી. ગ્લાસ ભરીને પાણી. રેવતીએ ચૂપચાપ ગોળી લઈ લીધી. છત સામે તાકતી પડી રહી.

'જે થયું એને ભૂલી જા.' નર્સ કહેતી હતી.

"એને શું ખબર શું થયું છે!" રેવતીએ મનોમન વાતો કરવા માંડી.

કેટલું ને કેવી રીતે થયું, કોઈને કેવી રીતે ખબર પડે?

કેવી રીતે ભૂલી જાઉં? શું શું ભૂલી જાઉં? એ સ્પર્શ... વરસાદની એ સાથે ગાળેલી સાંજો... અને અપાયેલા-નહીં પળાયેલા વચનો... ભૂલી જા! કહેવું સહેલું છે... રેવતી મનોમન કહેતી રહી.

સોળમી સપ્ટેમ્બર, એ જ તારીખ કાઢી હતી, બ્રાહ્મણે લગ્નની... રેવતી અને સમીરનાં લગ્નની!! 'એ પછીના સાત મહિના સુધી કોઈ મૂહુર્ત નહોતું' એવું સમીરે કહ્યું હતું અને પછી આંખ મીંચકારી હતી!

રેવતી સામે જોઈને નિયતિ હસતી હસતી અંદર ચાલી ગઈ હતી. કલ્યાણી અને ઘનશ્યામરાયે 'હા' ભણી હતી. થોડું સમજીને, થોડું સમય વરતીને.

ઘનશ્યામરાયની દીકરીઓ હતી બંને – રેવતી અને નિયતિ.

બંને સરખી ઉંમરમાં, અને દેખાવમાં, જોડિયા બહેનો હતી બંને.

રેવતીનાં લગ્ન પહેલાં નક્કી થયાં હતાં, સમીર સાથે.

"બે દીકરીઓ નસીબદારને જ હોય." ઘનશ્યામરાય હંમેશાં કહેતા, "ને ભગવાને પહેલા ચાન્સમાં જ મને તો બબ્બે લક્ષ્મી મોકલી આપી."

ને ખરેખર બન્યું'તુંય એવું જ.

રેવતી ને નિયતિના પગલે ઘનશ્યામરાયના નસીબની આડેથી પાંદડું ખસ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઘનશ્યામરાયે આઠ વરસ જૂની નોકરી મૂકીને પ્રૅક્ટિસ શરૂ કરી હતી. વીસ વરસમાં તો 'આચાર્ય એસોસિયેટ્સ' વીસ જણાનાં કુટુંબોને પોષતું હતું. મુંબઈની જાણીતી ટેક્સ કન્સલ્ટન્ટ કંપનીઓમાં ઘનશ્યામરાયનું નામ આદરપૂર્વક લેવાતું.

ચીરા બજારની ડબલ રૂમમાંથી પાંચ બેડરૂમનો વાલકેશ્વરનો ફ્લૅટ, બંને દીકરીઓ માટે જુદી જુદી ગાડીઓ, અને સુખ... સુખ... સુખ... ઘનશ્યામરાય–કલ્યાણી માટે જિંદગીની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ હતી, બે દાયકા પૂરા કરતાં સુધીમાં.

લક્ષ્મીની છૂટ સાથે બબ્બે લક્ષ્મીઓના ઉછેરમાં કોઈ કમી નહોતી રાખી ઘનશ્યામરાય અને કલ્યાણીએ. રેવતી આર્કિટેક્ટનું ભણતી હતી જ્યારે નિયતિ સેન્ટ ઝેવિયર્સમાં એમ.એ. કરતી હતી.

ઘનશ્યામરાયના પિતા એમને દોઢ વર્ષના મૂકીને મૃત્યુ પામ્યા હતા. વીજળીના દીવાયે નહોતા ત્યારે પારકા ફાનસને અજવાળે મેટ્રિકની પરીક્ષા આપવા ઘનશ્યામરાય મુંબઈ ગામમાં નવા-સવા આવ્યા ત્યારે સગાને ત્યાં ઝાડુ-પોતાં ને વાસણ કરતાં.

ગામનાં દળણાં દળીને અને કપડાં સીવીને ઘનશ્યામરાય – ઘનુને 'શી. એ.' ભણાવ્યાની વાત માતા તારાબહેન ગર્વપૂર્વક કહ્યાં કરતાં – કલ્યાણીને અને બીજાંઓને!

"દીકરો તો જોઈએ, દીકરો હોય તો દી વાળે, દીકરા વિના તો નખ્ખોદ કહેવાય." આવું કેટકેટલુંયે તારાબહેન કલ્યાણીને કહ્યાં કરતાં, છોકરીઓ આઠ-નવ વર્ષની થઈ ત્યાં સુધી. ઘનુને કહેવાની હિંમત નહોતી, પણ પછી તો એમણેય મન વાળીને છોકરીઓમાં જ પરોવ્યું હતું.

ઘનશ્યામરાય માટે દીકરીઓ એમની આંખો જેવી હતી. ડાબી ને જમણી. પણ બંને આંખોમાં ફેર હતો, ખાસ્સો.

જોડિયા બહેનો હોવા છતાં રેવતી-નિયતિનાં વ્યક્તિત્વો તદ્દન ભિન્ન હતાં. જુદા શોખ, જુદા સ્વભાવ અને જુદી જ માન્યતાઓ.

ચહેરા સાવ સરખા હતા એટલું જ! દેખાવ પણ સાવ નોખો પડી જતો બંનેનો.

નિયતિ ક્ષણોમાં જીવનારી, તદ્દન પ્રેક્ટિકલ અને બેફિકર છોકરી હતી.

જ્યારે રેવતી, "ઉંહ! શી ઈઝ એ સેન્ટીમેન્ટલ ફૂલ!" નિયતિ કહેતી.

રેવતી અત્યંત લાગણીશીલ, ઋજુ, ઓછાબોલી, અંતર્મુખી અને ઘરરખ્ખુ હતી. ભણવામાં તેજસ્વી, વાંચવાની શોખીન, પાંચ ભાષાઓ અત્યંત કુશળતાથી લખી-વાંચી જાણતી. કવિતાઓ લખતી – કેન્વાસ ચીતરતી.

સામાન્યતઃ સલવાર કે ચુડીદાર-કુર્તા પહેરતી. પહોળા, ઢીલા પણ વ્યવસ્થિત રીતે ચપોચપ બેસે એવા સિવાયેલા કુર્તામાં રેવતીનું સપ્રમાણ સૌંદર્ય છાનું નહોતું રહેતું. લાંબી ડોક અને નીચે પહોળા સુતરાઉ દુપટ્ટામાંથી છલકાતો હલકા શ્વસનના હલનચલનમાં પણ આંખોને ખેંચતો–ભરાવદાર સ્તનોનો ઢોળાવ, બે હથેળીના વર્તુળમાં સમાઈ જાય એટલી પાતળી કમર, અને નિતંબની પરફેક્ટ ગોળાઈ...

ટૂંકમાં, ભારતીય વસ્ત્રો પહેરવા પહેરવા માટે જ બન્યું હોય એવું બેનમૂન ભારતીય ફિગર હતું રેવતીનું. અને છતાં, નિયતિના જીન્સ અને ટાઈટસમાં એ માઇન્ડ બૉગલિંગ દેખાતી.

કુર્તાના સાઈડના કટમાંથી આછી ઝલક દેખાડતા સુરેખ સાથળ અને ચુડીદારની ચપોચપ સિલાઈમાંથી દેખાતી આરસમાંથી કોતરી હોય એવી લાંબી પિંડીઓ અને સુરેખ પગ. નિતંબથી એક વેંત નીચે સુધી લહેરાતો, કાળા વાળનો, મુઠ્ઠીમાં ન સમાય એવો ઢીલો ચોટલો, અને ચહેરા પર ઊડતી રહેતી લટો રેવતીના વ્યક્તિત્વમાં કોઈ અજબ નખશિખ સૌમ્ય ચુંબકત્વ પેદા કરતાં.

સ્ત્રીત્વ અને માર્દવથી છલકાતા રેવતીના સુરેખ ચહેરા પર મેક-અપના નામે કોરા કંકુનો ગોળ ચાંદલો કે આઇલાઇનરથી ચીતરેલા છૂંદણાં જેવા ચાંદલાની સાથે કાજળની એક ધારદાર રેખાથી વધુ કશું જ ન મળે. લાંબી પાંપણોની પાછળ હેઝલ-બ્રાઉન-કથ્થાઈ આંખોમાં એક અજબ પાણીદાર તરલતા રહેતી. સહેજ પહોળા હોઠ. વગર લિપસ્ટીકે જ રતુંબડા, ભીના ભીના લાગતા. એમાં સંતાયેલી જ્વલ્લે જ આખી દેખાતી વ્યવસ્થિત ગોઠવાયેલી શ્વેત દંતપંક્તિમાંના આગળના બે દાંતની વચ્ચે સહેજ જગ્યા હતી.

જરાય ચરબી વગરની તંગ સુરેખ હડપચી, અને નીચેની વેંત લાંબી ડોકની બિલકુલ નીચે, સ્તનોનો ઢોળાવ શરૂ થતાં પહેલાં જમણી બાજુ ત્રણ કાળા તલનું એક ઝૂમખું હતું. કાળું, જે એની તાંબા જેવી ચામડી સાથે મેળ ખાતું હતું અને જોનારની આંખને ઢોળાવ પરથી નીચે સરકતી અટકાવી દેતું–જાણે.

સામાન્યતઃ આખું શરીર સંપૂર્ણપણે ઢંકાય એવાં જ વસ્ત્રો પસંદ કરતી રેવતીને પોતાની પીઠનું ગજબ ઓબ્સેશન હતું. પાછળના ગળાના લાંબા કટને કારણે સાડીનો બ્લાઉઝ હોય કે કુર્તો, તાંબા જેવી લીસી ચમકતી પીઠ, એની વચ્ચેની ખાઈ જેવી ધારી અને એના પર લહેરાતો ચોટલો, કુલ મળીને એક ફોટોગ્રાફિક ઈમેજ ઊભી કરતાં.

લાંબી આંગળીઓ–પાતળું કાડું અને સપ્રમાણ કંડારેલા સુરેખ ખભા અને બાહુ કોઈ ઇટાલિયન મારબલ શિલ્પની જેમ સ્ત્રીત્વની અજબ શીતલતા રેલાવતાં. ભલભલા પુરુષને નજરબંદ કરી લે એવી તેજભરી આંખોમાં બુદ્ધિપ્રતિભાની એક ધારદાર ચમક હતી. એક હાથનું અંતર ઓળંગવા જતાં ક્યાંક ભડકો થઈને અગ્નિશિખા જેવી આ છોકરી બાળી મૂકશે એવી બીક બધા જ છેલબટાઉ છોકરાઓને રહેતી.

શોપિંગના નામે રેવતીના વોર્ડરોબ્સ બાંધણી, હેન્ડલુમ, આભલા, કોડીઓ અને બ્લોક પ્રિન્ટસથી ઊભરાતાં. પણ, પરફ્યુમ્સ અને સુગંધ – બસ, આ એક જ રેવતીની નબળાઈ હતી. દુનિયાભરની સુગંધો એના કબાટમાં ભરેલી રહેતી. એક ખાનું આખું સુગંધની દુનિયા માટે અલગ હતું એના કબાટમાં, અને એ ખાસ્સું સાચવતી, એના પરફ્યુમ્સ કલેક્શનને.

રેવતીનાં કપડાં ઊઠાવીને પહેરી લેતી નિયતિ પણ એનાં પરફ્યુમ્સ વાપરતાં પહેલાં એને પૂછી લેવાનું યોગ્ય સમજતી.

બીજી હતી નિયતિ. દેખાવડી, ચંચળ અને ચુલબુલી નિયતિ આમ ખાસ્સી બિન્દાસ અને હાઈ-ફાઈ છોકરી હતી. 'લી'ના જીન્સ, બ્રૉડ બેલ્ટ, ટાઈટ શર્ટસ, 'જોર્ડાશ'નાં શોર્ટ સ્કર્ટસ, 'સેન્ટ માઈકલ'ના સનગ્લાસિસ, 'રેવલોન'ની લિપસ્ટીકના તદ્દન નવા શેડ્સ અને કોસ્ચ્યુમ જ્વેલરી...

નિયતિને શેનો શોખ નહોતો, એનું લિસ્ટ નાનું બને કદાચ. મહિનાના પહેલા પંદર દિવસમાં જ એના પોકેટમની ખલાસ થઈ જતા!

નવી ફિલ્મોની સી.ડી., બહાર ખાવાનું – ફ્રેન્ડ્ઝ અને રખડપટ્ટી! મુંબઈથી ખાપોલી સુધી બટાટાવડાં ખાવા જતી નિયતિને મુંબઈની ગલીઓના ખૂમચાથી શરૂ કરીને લગભગ બધી જ રેસ્ટોરાંના મેનુકાર્ડ મોઢે હતાં. નવી ફિલ્મ પહેલા દિવસે, પહેલા શોમાં ફિલ્મ જોવા માટે નિયતિ ઘાંઘી-ઘાંઘી થઈ જતી. ભણવામાં ઠીકઠાક નિયતિ અત્યંત ગણેલી કહી શકાય એવી હતી. કોઈ પણ વિકટ પરિસ્થિતિને સમજીને એનો સર્વમાન્ય તોડ કાઢવો એના માટે રમત વાત હતી.

નિયતિ રેવતી કરતાં સહેજ ઊંચી હતી. દોઢેક ઇંચ જેટલી અને સહેજ પાતળી પણ. એટલે જરા વધુ ઊંચી લાગતી. વળી, હાઈ હિલ્સનો શોખ એને કોઈ પણ સામાન્ય છોકરીથી વધુ ઊંચી બનાવતો.

ઇસ્ત્રી કરી શકાય એવું ફ્લેટ પેટ એના જીન્સ કે સ્કર્ટના ગર્ડલ અને ટીશર્ટની વચ્ચેથી ડોકિયા કરતું અને જોનારને વધુ ઊંડે ડોકિયાં કરવા માટે આકર્ષતું.

નિયમિત સ્પોર્ટ્સ પ્રૅક્ટિસ અને બ્યુટી પાર્લરની મુલાકાતોએ નિયતિના સૌંદર્યને એક અતિઆધુનિક ઓપ આપ્યો હતો.

પર્મ કરેલા વાળ પીઠ ઉપર ક્યારેક ખુલ્લા રહેતા તો ક્યારેક જુદી જુદી હેરસ્ટાઇલમાં બંધાયેલા... નિયતિના ચહેરાને કંઈ પણ, કંઈ પણ સૂટ કરતું!

26 ઇંચની કમ્મરનાં જીન્સ અને કમ્મરમાંથી સહેજ ઢીલાં રહેતાં ટાઈટ ટીશર્ટ ટક-ઈન કરીને પહેર્યું હોય ત્યારે એનાં સ્તનોનો ઊભાર અને એના પર લટકતી સોનાની ચેઈનમાં પરોવેલાં ત્રણ-ચાર પેન્ડેન્ટસ જોનારની આંખો પકડી લેતાં. લાંબી આંગળીઓમાં દરેકેદરેક વેઢે વીંટીઓ અને 'રેવલોન'નો તદ્દન નવો–લિપસ્ટીકનો મેચ કરતો નેઈલ-પૉલિશનો શેડ લગાડેલા લાંબા નખ એની આંગળીઓને હતી એના કરતાં વધુ લાંબી દેખાડતાં. તદ્દન સપાટ, અમેરિકન મોડેલો જેવાં નિતંબ અને શોર્ટ સ્કટમાંથી દેખાતી સપ્રમાણ પગની માંસલ જોડી નિયતિને એક મૉડેલ વધુ અને કૉલેજની વિદ્યાર્થિની ઓછી દેખાડતાં.

જોકે નિયતિને મળેલી મોડેલિંગની કેટલીયે ઓફરો એણે તોછડાઈપૂર્વક નકારી હતી.

"બુદ્ધિ વગરની બ્યૂટીનું કામ છે, મોડેલિંગ." નિયતિ કહેતી – "મારી પાસે બીજું ઘણું છે–સુંદરતા તો છે, એટલે છે હવે!"

નિયતિને એના સૌંદર્યની, ભડકે બળતી સૌંદર્યશિખાની ખબર તો હતી જ. એ સભાન હતી એની સુંદરતા અંગે અને જાળવણી અંગે પણ.

કોઈ પણ સાંપ્રત ગુજરાતી પરિવારની આધુનિકા પુત્રી કરતાં વધુ આધુનિક નિયતિ દેખાવે સુંદર હતી જ, પણ એની રમતિયાળ આંખો અને ખડખડાટ હાસ્ય એને ખૂબ આકર્ષક બનાવવાની સાથે સાથે ક્યારેક જરા વધુ પડતી છૂટ લેતી હોય એવું દેખાડતાં. જો કે, એ છેતરામણી આંખોમાં ફસાયેલો કોઈ છોકરો જો નિયતિને છંછેડી બેસતો તો એને તમાચો મારી દેતાં નિયતિને જરાય સંકોચ થાય એમ નહોતું. સેન્ટ ઝેવિયર્સ – મુંબઈનો કૅમ્પસ અને ફૂટપાથ આવા કિસ્સાઓથી ભર્યો પડ્યો હતો.

નિયતિ સ્વિમિંગ ચૅમ્પિયન હતી. કૉલેજની સ્પોર્ટ્સ સેક્રેટરી, હોકી, બેડમિંટન, ટેબલ ટેનિસમાં યુનિવર્સિટી પ્લેયર નિયતિ દર ગુરુવારે મા અને દાદીને સાંઈબાબાના દર્શને જરૂર લઈ જતી. જોકે, એ જે ઝડપથી ગાડી ચલાવતી એનાથી તારાબહેનને દર વખતે લાગતું કે આ વખતે પાછા સીધા હૉસ્પિટલમાં જઈશું! તારાબહેનની બૂમાબૂમ અને નિયતિનું ખડખડાટ હાસ્ય દર ગુરુવારે સાંઈબાબાના મંદિર સુધી અને પાછા આવતાં ગાડીમાં ગુંજતું રહેતું.

કલ્યાણીની ધાર્મિકતા અને ઘનશ્યામરાયની સમજદારી બંને દીકરીઓમાં ઊતરી હતી ભારોભાર. આધુનિક રીતે ઊછરેલી બંને દીકરીઓમાં સંસ્કારિતા અને વિવેક બીજી કોઈ પણ ગુજરાતી છોકરી કરતાં જરાય ઊતરે એમ નહોતાં જ. ફક્ત નિયતિ જરા સપાટી પર જીવતી લાગે, જ્યારે રેવતી જીવનના અતલ ઊંડાણમાં ડૂબકી મારતી હોય એમ લાગ્યા કરે, એટલું જ! રેવતી ગરમ-ગરમ રોટલી ઉતારતી હોય ત્યારે, રોજેરોજની સ્પોર્ટ્સ પ્રૅક્ટિસ અને બીજી ફાલતું રખડપટ્ટીઓમાં બીઝી નિયતિ રોટલીનું બીડું વાળીને ખાતી ખાતી ભાગવાની તૈયારીમાં હોય...

"રેવતી રસોઈ શીખે છે ને, મૉમ? – બસ, પછી મારે શીખીને શું કામ છે?" નિયતિ કલ્યાણીને કહેતી.

"કેમ? તારે સાસરે એ રાંધવા આવવાની છે?" તારાબેન ટહુકો કરતાં.

"હું તો પતિ જ એવો પસંદ કરવાની છું જે રસોઈ સારી બનાવે" – નિયતિ કહેતી

"હાય હાય!" તારાબેન ભડકતાં, "પુરુષો તો કાંઈ રાંધે?"

"બા, આજકાલ તો બધી સારી હોટેલોમાં પુરુષો જ રાંધે ને એના હજારો રૂપિયા પગાર મળે – શૅફ કહેવાય એને, શૅફ! શું?"

"તે હશે! એ રાંધશે ને તું? તું શું કરીશ?"

"અરે! ખાઈશ ને!" નિયતિ હસતી હસતી નીકળી જતી.

તારાબેનનો કકળાટ ચાલતો. 'ઘનુએ છોકરીને ફટવી છે. કોઈને ગાંઠતી નથી'. વગેરે વગેરે...

રેવતી ગરમ રોટલી તેમના ભાણામાં મૂકી ઠંડી પડી ગયેલી રોટલી ઊઠાવી લેતી, ચૂપચાપ! મા-દીકરી સામસામે જોઈ હસી પડતાં.

રેવતી બી.આર્ક.માં બૉમ્બે યુનિવર્સિટીમાં પ્રથમ આવી ત્યારે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટનો પ્રવેશ ટેસ્ટ CAT આપવાનું નક્કી થયું.

"બા અમદાવાદ નહીં જવા દે." કલ્યાણીએ કહ્યું હતું. એ સાસુને ઓળખતી હતી.

"હજી તો પરીક્ષા આપે છે ને? – જોયું જશે, પ્રવેશ મળશે ત્યારે. હજારો જણ પરીક્ષા આપે છે એમાંથી ફક્ત અમુક સોને જ પ્રવેશ મળે છે." ઘનશ્યામરાયે વાત કાપી નાખી હતી. "એડમિશન મળે તો થશેને આ બધી ચર્ચા."

આઈ.આઈ.એમ. અમદાવાદમાં પ્રવેશ મળી ગયો હતો રેવતીને!

ઘનશ્યામરા. 'બા'ને સમજાવી લીધાં હતાં, તેમ છતાં તારાબહેનના બબડાટ, કલ્યાણીની ચિંતા અને નિયતિનાં તોફાનો વચ્ચે યાદ કરી કરીને ચીજવસ્તુઓ મૂકતી રેવતી તૈયારી કરી રહી હતી. સવારે છ વાગ્યાની શતાબ્દીમાં અમદાવાદ જવાનું હતું એને.

મુંબઈમાં ધોધમાર વરસાદ વરસતો હતો છેલ્લા બે દિવસથી. લોકલ ટ્રેનો આજે જ, બપોર પછી ચાલુ થઈ હતી. ટ્રાન્સફર ફોર્મ્સ, યુનિવર્સિટી એલીજીબીલીટી સર્ટિફિકેટ્સ અને બીજાં જરૂરી પેપર્સ મહામુશ્કેલીથી તૈયાર થઈ શક્યાં હતાં.

"હોસ્ટેલમાં રહેવાનું. છોકરા-છોકરીઓની હોસ્ટેલ એક જ કૅમ્પસમાં! રોકટોક વગરની અવર-જવર! શું રહી ગયા છે એવું ભણ્યા વિના?" તારાબહેનનો જીવ ઊંચો હતો.

"ખાવાપીવાનું ધ્યાન રાખજે. ઉજાગરા ઓછા કરજે – તબિયત સંભાળજે." કલ્યાણી ચિંતાતુર અવાજે સૂચનાઓની લોંગપ્લે વગાડી રહી હતી.

એપલને બચકાં ભરતી નિયતિ પગ હલાવતી ટેબલ પર ચડીને બેઠી હતી. "મારે બેય પલંગ પર એકલા સૂવાનું! વા...ઉ."

નિયતિ હસતી જતી હતી, "તારાં બધાં કપડાં લઈ જવાની? અને પરફ્યુમ્સ, એક-બે તો આપ યાર!"

ઘનશ્યામરાય દર પાંચમી મિનિટે ચક્કર મારતા, દીકરીઓના રૂમનું, રેવતીના માથા પર હાથ ફેરવતા, અમસ્તા જ ઊભા રહેતા થોડી વાર – વળી, પાછા જતા ને વળી થોડી વારમાં પાછા આવતા. એમની આંખો ભીની હતી!

બંને બહેનો આખી રાત જાગતી રહી. સવારે જેવી ટ્રેન સરકી કે નિયતિ રડી પડી, ધ્રૂસકે ધ્રૂસકે, ઘનશ્યામરાયની છાતી પર માથું ટેકવીને! કલ્યાણી ભરેલા અવાજે છેલ્લી ઘડી સુધી સૂચનાઓ આપતી હતી. સ્ટેશનેથી પાછા ફરતાં ગાડીમાં બોમ્બે સેન્ટ્રલથી વાલકેશ્વર સુધી નિયતિ ડૂસકાં ભરીને રડતી રહી.

•

## [ બે ]

સત્તાવીશ જૂનની બપોરે દોઢ વાગ્યે રેવતી અમદાવાદ સ્ટેશને ઊતરી ત્યારે ક્રીમ કલરના સાઉથ કૉટન કુર્તાની નીચે સફેદ ચુડીદાર પહેરેલી એ લગભગ સાડા પાંચ ફૂટથી સહેજ વધુ ઊંચી છોકરી આખીયે ભીડમાં સાવ જુદી જ તરી આવતી હતી.

પહોળી ફ્રેમના સનગ્લાસિસને નાકની દાંડી પર સંભાળતાં સંભાળતાં એણે કુલીને સૂચના આપીને સામાન ઉતરાવ્યો ત્યારે પૂરા સાત દાગીના ગણ્યા એણે!

આખાયે અમદાવાદમાં એને ઓળખીતો એક માત્ર ચહેરો એણે ભીડમાં શોધવા માંડ્યો. અજિતભાઈ શાહ, ઘનશ્યામરાયના મિત્ર હતા. આખી જિંદગી મુંબઈમાં ગાળીને હવે અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. રેવતીના લોકલ ગાર્ડિયન તરીકે એમનું જ નામ હતું. આવતા-જતા લોકોની ભીડ, કુલીઓની બૂમાબૂમ વચ્ચે રેવતીએ જોવા માંડ્યું.

'ભૂલી ગયા હશે?' રેવતીએ શંકા કરવા માંડી. ત્યાં જ બરાબર એના ખભે એક હાથ મુકાયો. "અજિતકાકા, કેટલું મોડું કર્યું?" રેવતી ફરી.

એક છ ફૂટ ઊંચો છોકરો રીમલેસ ચશ્માંમાંથી એની તરફ અપલક જોઈ રહ્યો હતો. જાડી મૂછો – ગોરો કહી શકાય એવો ચહેરો, બંને તરફ વધારાની રાક્ષી જરા ઊપસેલી હોવાને કારણે આકર્ષક લાગતું સ્મિત! રેવતીએ યાદ કરવા માંડ્યું... ચહેરો જાણીતો હતો પણ...

"અજિતકાકા નથી આવ્યા. મેં જ ના પાડી, આટલી ગરમીમાં ધક્કો ખાવાની, ચાલો." એણે સામાનની વ્યવસ્થા કરવા માંડી, હક્કપૂર્વક.

"પણ"... રેવતી ગૂંચવાઈ.

"મને ખાતરી જ હતી કે તમે મને નહીં ઓળખો. સુજય છું, યાર! ડૉક્ટર સુજય શાહ. અજિતભાઈનો ભત્રીજો."

"આપણે મળ્યા છીએ?" રેવતી કન્ફ્યૂઝ થઈ ગઈ. આ અજાણ્યા લાગતા ભત્રીજા પર વિશ્વાસ કરવો કે નહીં...

"અરે, મિહીરનાં – અજિતકાકાના દીકરાનાં લગ્નમાં તો મળ્યાં હતાં, હું મહેન્દ્રભાઈનો દીકરો છું."

"ઓહ હાય!" રેવતી જરા રિલેક્સ થઈ ગઈ.

સામાન કુલી પાસે લેવડાવીને સુજયે પાછળ પાછળ ચાલવા માંડ્યું. સાથે ચાલતાં ચાલતાં વાતો થતી હતી. "તમે કદાચ ભૂલી ગયા હશો–પણ આઈ કેન નોટ ફરગેટ ધીસ બ્યૂટીફૂલ ફેઇસ!" સુજય સીધું આંખમાં જોઈને બોલતો હતો.

"જી!?" રેવતી શરમાઈ. નીચે પ્લેટફોર્મ ખાસ્સો ગંદો હતો–.

"તમે તો સાચું માની ગયા!" સુજય હસ્યો. ખડખડાટ અને રેવતીએ એની સામે જોયું!

"જી?" રેવતીએ ઊંચું જોયું.

લગભગ અડધો ફૂટથી વધુ ઊંચો સુજય ખાસ્સું ઝડપથી ચાલતો હતો. "હું અહીં જ રહું છું – સિવિલ હૉસ્પિટલમાં. પોસ્ટ ગ્રૅજ્યુએશન કરું છું. એમ.સી.એચ., પ્લાસ્ટિક સર્જરી!"

"ઓહ! એટલે ચહેરો તો યાદ રહી જ જાય ને?" રેવતી મુસ્કુરાઈ.

"કોઈ પણ ચહેરા નહીં, સુંદર ચહેરા..." રેવતીએ વળી ઊંચું જોયું, "સુંદર!! આઈ મીન ઈટ. સાચું કહું છું આ વખતે." વળી ખડખડાટ હસ્યો સુજય. ખંજન પડતાં હતાં ગાલમાં – રેવતીએ મનોમન નોંધ્યું.

"બહુ વરસાદ છે મુંબઈમાં?" સુજય અને રેવતી ગાડી સુધી પહોંચી ગયાં હતાં. સામાન ગોઠવતાં સુજયે પૂછ્યું.

"હંમ!" રેવતીએ ડોકું હલાવ્યું. "તમારા પેરેન્ટ્સ તો મુંબઈ રહે છે ને?"

"હા, મારા પપ્પા પીડીઆટ્રીશ્યન છે."

"મહેન્દ્રભાઈ કહ્યું એટલે મને યાદ આવ્યું. હું અને નિયતિ બંને એમના પેશન્ટ હતાં, બાળકો હતાં ત્યારે."

"નિયતિ? તમારી બહેન? ઓહ, એ તો હજી બચ્ચું જ છે! અમે ખૂબ મજા કરેલી મિહિરનાં લગ્નમાં... કેમ છે એ?"

"એ હંમેશા મજામાં જ હોય છે!" નિયતિ યાદ આવી ગઈ એને! ગાડી શાહપુર વટાવી બ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી.

"ખૂબ ફ્રેન્ડલી છોકરી છે. વી હેડ વેરી નાઇસ ટાઇમ. તરત દોસ્તી થઈ જાય એની સાથે. વાતોડિયણ પણ જબરજસ્ત છે અને સેન્સ ઓફ હ્યુમર પણ સુપર્બ. તમે બંને ખૂબ સરખાં દેખાવ છો."

"ભૂલ થઈ જાય એટલાં સરખાં! પણ છીએ ખૂબ જુદાં." રેવતી બહાર જોતી રહી.

"એ જ તો પ્રોબ્લેમ છે." સુજયે સ્વગત કહ્યું. "દોસ્તી તો દૂરની વાત છે, તમારી સાથે આંબાવાડી અમેરિકા જેટલું દૂર લાગે છે." રેવતીએ સાંભળ્યું પણ બારી બહાર જોતી રહી.

"સાબરમતીમાં હજીયે પાણી નથી રહેતું?" રેવતીએ પૂછ્યું, પૂછવા ખાતર.

"ક્યારે રહેતું હતું?"સુજયે પૂછ્યું.

"આઈ મીન, ચોમાસામાં પણ?"

"ચોમાસું તો અમદાવાદમાં મીડલ ઑફ જુલાઈ પહેલાં નથી બેસતું! મૅડમ, તમે સૌથી ખરાબ દિવસોમાં અમદાવાદ મધ્યે પધાર્યા છો."

"સખત ગરમી છે." રેવતીએ પસીનો લૂછ્યો.

"આ જ મોસમ છ-સાત મહિના રહે છે આ શહેરમાં." એક રિક્ષાને ઓવરટેઈક કરતાં સુજયે કહ્યું,

"બ્લડી નોનસેન્સ. નોનસેન્સ ટ્રાફિક છે આ શહેરનો! પુષ્કળ સમય છે બધા પાસે અને છતાં બધાને ઉતાવળ! આમ જુઓ તો ગલ્લે બેસી રહે વાતો કરતા, ને તોય સખત પૈસા છે, અમદાવાદીઓ પાસે."

"ખાસ્સું જાણી ગયા છો, આ શહેરને તમે." રેવતીએ સુજયની સામે જોયું

"હા, એવું કહેવાય!" એનું બધું જ ધ્યાન ડ્રાઇવિંગમાં હતું છતાં એક છોકરી એની સામે જોઈ રહી છે એ અંગે સભાન, ચલાવી રહ્યો હતો. એનો ગોરો ચહેરો ગરમીમાં લાલ થઈ ગયો હતો. પરસેવાના રેલા ઊતરતા હતા. ગ્રે ચેક્સનું શર્ટ પલળીને પીઠ સાથે ચોંટી ગયું હતું. સુજયે એક ઝડપી નજર ડાબી બાજુ ફેરવીને વાળી લીધી. પછી ઉમેર્યું – "સાત વર્ષથી વધુ થઈ ગયાં! ફર્સ્ટ યર, એમ.બી.બી.એસ.માં આવ્યો હતો, સ્કૂલમાંથી બહાર નીકળીને સીધો!"

રેવતી જોઈ રહી હતી એની સામે, "હવે તો હું પણ અમદાવાદી થઈ જ ગયો છું. લાય ને આય બોલું છું, કદી કદી!" હસી પડેલી રેવતી...

"એકચ્યુલી આ શહેર મને ગમવા લાગ્યું છે, અચાનક!" સુજયે રેવતી સામે જોયું. પ્રોફાઈલમાં એ કોઈ દેવીની મૂર્તિ જેવી લાગતી હતી!

રેવતી બારીની બહાર જોતી હતી. "આઈ.આઈ.એમ. કૅમ્પસ કેટલું દૂર છે, અજિતકાકાના ઘરથી?"

"મુંબઈની ભાષામાં કહું તો તો દસ મિનિટ અને અમદાવાદી જવાબ આપું તો રિક્ષામાં દસ-બાર રૂપિયા થાય." ગાડી આંબાવાડી શાક માર્કેટથી અંદર વળી, મોરેના ઍપાર્ટમેન્ટ પાસે ઊભી રહી.

"લો મૅડમ, આવી ગયું તમારું ઠેકાણું." સુજયે ગાડી પાર્ક કરી.

"થેંક્યુ." કહેતી રેવતી ઊતરી ને સામાન ઉતારવા લાગી.

"લિફ્ટ ખરાબ છે. ચઢીને જવું પડશે. લગેજ વેન પાછળ આવે છે! યુ મે લીવ." સુજયે કહ્યું.

"ના, ના, હું લઈ લઈશ, થોડુંક." રેવતી સંકોચાઈ.

"પછી બીજા માળથી તમને પણ મારે ઊંચકી લેવાં પડશે." સુજય હસ્યો. "આ 'તમે – તમે' મને અઘરું પડે છે હં! હું તો તું જ કહીશ! આઈ થોટ કે તું જ કહીશ મને, તમે નહીં કહેવાનું..."

"હું કહેવાની જ હતી." રેવતી ફરી સંકોચાઈ... 'ખરો છે આ!' મનમાં વિચાર્યું!

"તો કહ્યું કેમ નહીં?" સુજયે અચાનક પૂછ્યું. હસી પડ્યાં બંને.

અજિતકાકા, મીનાકાકી, મિહિર, મિહિરની પત્ની રીમા બધાં જ રાહ જોતાં હતાં. રીમાએ છ જ મહિના પહેલાં દીકરાને જન્મ આપ્યો હતો, રિપુંજય, સરસ ગોળમટોળ બાળક હતું.

તાજી તાજી એક બાળકની મા બનેલી રીમા લગ્ન વખતે હતી એના કરતાં જરા વધુ ભરાવદાર, વધુ સ્ત્રી લાગતી હતી. અને છતાં, ગુજરાતી છોકરીની જેમ જરાય ગોળમટોળ નહોતી થઈ, બલકે જીન્સ અને ટીશર્ટમાં સુંદર, આકર્ષક લાગતી હતી અત્યારે.

રેવતી જોઈ રહી એની સામે – 'મા બન્યા પછી એક જૂદું જ તેજ ઉમેરાયું છે એના ચહેરા પર.' એણે વિચાર્યું.

જમવાની તૈયારીઓ કરતાં, વાતો કરતી વખતે રેવતીએ નોંધ્યું કે રીમા અને મીનાકાકી એકબીજા સાથે સરસ રીતે ભળી ગયાં હતાં. નાની નાની વાતમાં સાસુ-વહુ એકબીજા સાથે એવી રીતે વર્તતાં જાણે કે કેટલાંયે વર્ષોથી સાથે રહેતાં હોય. જમવા બેસતી વખતે મીનાકાકીએ રોટલી મૂકતાં રેવતીની સામે જોઈને કહ્યું, "કલ્યાણીએ ખાસ કહ્યું છે, ખાવા-પીવામાં તારું ધ્યાન રાખવાનું."

"પીવાનું તો... મેળ નહીં પડે રોજ, ટેવ છે?" સુજયે પૂછ્યું, અને બધાં ખડખડાટ હસી પડ્યાં.

"અમારો સુજય જરા તોફાની છે. તને બહુ સતાવી તો નથી ને?" અજિતકાકાએ પૂછ્યું.

"હું પરણીને આવી ત્યારે સુજયભાઈને કારણે એટલું કમ્ફર્ટેબલ ફીલ કરતી હતી. એમનામાં આવડત છે માણસને રિલેક્સ કરી નાખવાની." રીમાએ કહ્યું.

રીમા અને મિહિરના એરેન્જ મેરેજ હતાં. રીમા વડોદરાની હતી. હોમ સાયન્સમાં ગ્રૅજ્યુએટ.

"એક તારો દીકરો ખૂબ ત્રાસ પામે છે. મને જોતાં જ રડવા માંડે છે." સુજય.

"પણ તું કેટલું પજવે છે, નાનકડાને? મૂછો ઘસે, ને પપ્પીઓ કરે, ઊંધો-ચત્તો કરે... ગૂંગળાવી મારે છે વ્હાલ કરીને." રીમાએ કહ્યું, "મને તો તારું આવું વ્હાલ સમજાતું જ નથી!"

"તું કહે તો તને પણ વ્હાલ કરું એવી જ રીતે!" ખડખડાટ હસી પડ્યાં સૌ.

શરમાઈ ગઈ રીમા, "શટ અપ."

"હું છું ને? એટલું કામ તો મને આવડશે." મિહિરે કહ્યું.

"અમારે ત્યાં આર.એમ.ઓ.ને રજા જોઈએ તો ઓલ્ટરનેટિવ એરેન્જમેન્ટ કરવી પડે. એટલે એવું કંઈ હોય તો પણ, શું કહે છે રીમા?"

"બસ હવે!" રીમાના ગાલ કાનની બુટ સુધી રાતા થવા લાગ્યા હતા.

રેવતી ચૂપચાપ સાંભળતી હતી. 'નિયતિ માટે એકદમ ફીટ છે.' એણે વિચાર્યું. 'બંને જણાં મેઈડ ફોર ઇચ-અધર જેવાં છે. 'મેડ', મેડ ફોર ઈચ-અધર.' સ્મિત આવી ગયું એના ચહેરા પર.

"રેવતી, તું તો કંઈ ખાતી જ નથી." મીનાકાકીએ આગ્રહ કર્યો.

"ના ના. ટ્રેનમાં ખાધું છે."

બપોર પછી આરામ કરીને, સાંજ ઢળ્યે અજિતકાકા અને સુજય એને મૂકવા આઈ.આઈ. એમ. કૅમ્પસ આવ્યા.

"મસ્ત કૅમ્પસ છે. હિલ સ્ટેશન જેવું! કોઈ કહી ન શકે કે પચાસ ફૂટ બહાર મેઇન રસ્તો પસાર થાય છે." સુજયે કહ્યું.

"હું આવીશ તમને મળવા. ચ્હા પીવા, અહીં બહાર."

"પણ, રેવતીને તો પૂછ." અજિતકાકા હસ્યા.

રેવતી વ્યસ્ત હતી. આમ તેમ જોવામાં. ખરેખર સુંદર કૅમ્પસ હતું. દોઢેક કિલોમીટરના ઘેરાવામાં લાલ ઈંટોનાં મકાનો, વચ્ચે વચ્ચે લીલા રંગની લૉનના ચોખડાં, સિમેન્ટ અને લાલ ઈંટોના વૉક પાથ, ઊંચાં-ફેલાયેલાં વૃક્ષોમાંથી ચળાઈને આવતો ઉનાળાની સાંજનો તડકો...

'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ', 'રાષ્ટ્રીય પ્રબંધ સંસ્થાન' લખેલા અર્ધગોળાકાર, મોટા ગેટની અંદર જાણે એક જુદી જ દુનિયા વસતી હતી. બહારની તરફ નીકળતાં ડાબી બાજુ આગળ વધતો ભરચક ટ્રાફિકવાળો રસ્તો વસ્ત્રાપુર ગામ તરફ જતો હતો. વણઝારાઓનાં ટોળેટોળાં એ રસ્તાની કોરેકોરે ઝૂપડાં બાંધીને રહેતાં હતાં. જમણી બાજુથી, જ્યાંથી એ લોકો આવ્યાં, એ રસ્તો પૉલિટેકનિક ચાર રસ્તાથી આગળ આંબાવાડી તરફ જતો. દરવાજાની બિલકુલ સામેનો રસ્તો યુનિવર્સિટી ક્વાટર્સ અને હોસ્ટેલ તરફ જતો, શાંત-વૃક્ષોથી છવાયેલો રસ્તો હતો. આઈ.આઈ.એમ.ની દીવાલની લગોલગ, અડીને જે રસ્તો પસાર થતો, એ 132 ફૂટ પહોળાઈનો અમદાવાદને ફરતો રીંગ રોડ હતો. કૅમ્પસની અંદર જ બૅન્ક, પોસ્ટઑફિસ, કૅન્ટીન અને અર્ધગોળાકાર કમાનોવાળી ત્રણ ત્રણ માળની હોસ્ટેલનાં બિલ્ડિંગ્સ હતાં. 'ડૉમ' કહેતા સૌ તેને. ડી-1, ડી-2 જેવા ડી-18 જેટલાં બિંલ્ડિગ્સ હતાં. મુખ્ય બિલ્ડિંગમાં લાઇબ્રેરી, ક્લાસરૂમ અને ઑફિસ તરફ જવા માટે કોટાસ્ટોન જેવાં ગ્રે પગથિયાં હતાં અને એની જમણી તરફ પાર્કિંગ માટેના પ્લોટ્સ હતા. અજબ શાંતિ અને અભ્યાસનું વાતાવરણ હતું.

મુખ્ય દરવાજાની બહાર બે-ચાર ચ્હાની કીટલીઓ હતી, જ્યાં સાંજ પડે ટોળાં જામતાં, વિદ્યાર્થીઓથી શરૂ કરીને ગાડીઓ પાર્ક કરીને બેઠેલા નબીરાઓ સુધી બધા જ આ કીટલી પર ચ્હા પીવા આવતા. વાંસના મુડા પર બેઠેલાં કેટલાક વિદ્યાર્થીઓ, કેટલાક બીજા લોકો ઉગ્ર અવાજે કોઈ વિષય પર ચર્ચા કરી રહ્યા હતા.

"એકથી એક ભેજાં ભટકાશે અહીં, મજા પડશે તને." સુજયે રેવતીને કહ્યું.

"બહુ નામ છે આ સંસ્થાનું," અજિતકાકાએ કહ્યું. "મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓ અહીં સામેથી આવે છે ઇન્ટરવ્યૂ કરવા, પોતાને ત્યાં ગ્રેજ્યુએટ્સને જૉબ આપવા."

"એમ.બી.એ." સુજયે મજાક કરી, "અમારાથી નાની ડિગ્રી છે. ત્રણ જ અક્ષર છે ને? - અમારે ત્યાં ચાર, એમ.બી.બી.એસ." રેવતી મુસ્કુરાઈ. એને ફરી નિયતિ યાદ આવી ગઈ.

રેવતીની રૂમ શોધીને, એમાં બધું ઠીકઠાક ગોઠવીને, પાણી ભરી આપીને, સુજય અને અજિતકાકા ગયા. રેવતી એકલી પડી, લગભગ આઠ વાગ્યા હતા. હજી ગરમી ખાસ્સી હતી.

'મા અને બાપુ જમવા બેઠાં હશે. નિયતિ ઘેર હશે જ નહીં, ને હશે તો ચપડ ચપડ કરતી હશે, કોઈકની સાથે ફોન પર. શિવુકાકી ગરમ ગરમ ભાખરી કરતાં હશે...' રેવતીને અચાનક ભૂખ લાગી. એણે ડબ્બો ખોલ્યો. માએ આપેલાં થેપલાં, ખાખરાં, અથાણું, સુખડી, ખડખડિયા, ચેવડો... 'ઉફ! માને શું કહેવું?' ઉપર એક ચિઠ્ઠી હતી. બંધ એન્વેલોપમાં.

*"ડીયર સિસ્ટર,*

*જિનિયસને ભૂખ લાગે છે એ જાણીને આનંદ થયો. રોજ આજ સમયે જમી લેજે–પ્લીઝ! અમારે ખાતર! ભણે છે એ પણ મરે છે, નથી ભણતા એ પણ મરે છે, પણ ભૂખ્યા રહે છે એ જરા જલદી મરે છે! લવ યુ. મીસ યુ.–નિયતિ."*

રેવતી હસી પડી. ખડખડાટ. 'સુજયને મેળવવી જ પડશે મારે. નિયતિ માટે આઇડિયલ છોકરો છે.'

રેવતી જમતી હતી ને બારણે ટકોરા પડ્યા. એક ઊંચી, કાળી સરખી, જિન્સ અને ઢીલું શર્ટ પહેરેલી છોકરી અંદર આવી.

"હાય! આઈ એમ મધુ. મધુ શ્રીવાસ્તવ. તમારી બાજુની રૂમમાં રહું છું." એનાં ઉચ્ચારણો ગુજરાતી જેવાં નહોતાં.

"આવો ને અંદર." રેવતીએ વિવેક કર્યો. "જમશો?"

"ના–ના, મેસમાં જમીને જ આવી, આ તો રૂમ ખુલ્લો જોયો એટલે." એણે સુખડીનો ટુકડો ઉપાડ્યો. "ઘરનું ખાવાની મજા જ અલગ છે નહીં?"

રેવતી સાંભળતી રહી.

"હું સેકન્ડ યરમાં છું. ફોર્થ સેમિસ્ટર. ભોપાલની છું. એમ.પી."

"ગુજરાતી સારું બોલી શકો છો."

"બે વર્ષથી રહું છું ને, આવડી ગયું."

"મારાં પેરેન્ટ્સ મુંબઈ રહે છે. હું આજે જ આવી, ફર્સ્ટ યર, ફર્સ્ટ સેમિસ્ટર." રેવતીએ ઓળખાણ આપી.

"ફ્રેશર!!!" મધુ મુસ્કુરાઈ, શરારતી, "રેગિંગ થશે કાલે સવારે..."

"એટલે?" રેવતીના હોશ ઊડી ગયા.

"ના ના, કશું સિરિયસ નહીં, તોફાન, મજાક-મસ્તી, સિનિયર્સ ભેગાં થઈને કંઈ કરાવશે, ડાન્સ કે રસોઈ, ફેન્સી ડ્રેસ ટાઈપનું કંઈ... આડા અવળા સવાલો પૂછશે."

"બહુ પજવે?" રેવતી ચિંતાતુર થઈ ગઈ. એણે ખૂબ સાંભળ્યું હતું. રૅગિંગ વિશે, જાતભાતનું, બિહામણું...

"ના રે ના, આટલા સિનિયર લેવલ પર કંઈ બાલિશ લોકો થોડા હોય? જરા ગમ્મત, આખો દિવસ ડ્રાય ભણ્યા કરવાની વચ્ચે જરા રંગોની કલરફૂલ ગેમ અને એમાંયે સમીર તો જે આઈડીયાઝ લાવે છે – ઉફ! હી ઈઝ જિનિયસ!"

"સમીર?" રેવતી ડરી ગઈ.

"મુંબઈનો જ છે, સખત તોફાની છોકરો છે. સમીર મહેતા" મધુ હસી. "ભણવામાં પણ જિનિયસ. શું કોમ્બિનેશન છે દેખાવ અને બુદ્ધિનું – માર્વેલસ! લેડી પ્રોફેસર્સ પણ મરે છે એના પર."

"તો!! એ શું કરશે?" રેવતીને સમીરની સ્તુતિમાં અત્યારે કોઈ રસ નહોતો.

"એ? એ શું કરશે એ કંઈ કહેવાય નહીં. પણ કંઈ કરશે એ નક્કી. અત્યાર સુધીમાં એને ખબર પડી ગઈ હશે કે ડી-6માં એક ફ્રેશર આવી છે." મધુ હસી પડી, શરારતથી ભર્યું ભર્યું. "ખેર, સવારની વાત સવારે. હમણાં તો સૂઈ જા. પોણા નવનો ક્લાસ છે, પહેલો, ઊઠાડું?"

"ના, અલાર્મ છે મારી પાસે." રેવતી ખરેખરી ડરી ગઈ હતી.

"ઓ.કે. ગુડનાઇટ." સુખડીનો બીજો ટુકડો ઉપાડ્યો એણે– "થેંક્યુ ફોર ધી સ્વીટ."

એ ગઈ. દરવાજાને કડી મારીને રેવતી પહેરેલાં કપડે જ લેટી ગઈ. રૅગિંગના વિચારોમાં અને શ્રીનાથજીની માળા કરતાં કરતાં ક્યારે આંખો મિંચાઈ ગઈ એને ખબર જ ન પડી.

અલાર્મ ટીટ્... ટીટ્... ટીટ્...ની ચીસો પાડી ઊઠ્યું ત્યારે સૂરજનું અજવાળું કમરામાં પ્રવેશી ચૂક્યું હોવા છતાં ગઈકાલ રાતથી કરેલી લાઇટ ચાલુ જ હતી! અટેચ્ડ બાથ અને નાનકડી પેન્ટ્રી સાથેના તેના રૂમમાંથી નહાઈ-તૈયાર થઈને ક્લાસ રૂમ તરફ જવા નીકળી ત્યારે મધુના રૂમમાં તાળું હતું.

આભલા ભરેલી અંગરખા જેવી ડિઝાઇનનો ઢીલો-લાંબો મરૂન રંગનો કુર્તો અને ઓફ વ્હાઇટ ચુડીદાર ઉપર મરૂન રંગના આભલા ભરેલી પહોળી મલમલની ઓફ વ્હાઈટ ઓઢણીમાં રેવતી જરા વધારે ઊંચી લાગતી હતી. હાથમાં એણે એક ચાંદીનું ઓક્સિડાઈઝ્ડ કડું પહેર્યું ને કાનમાં ઝીણી ઝીણી ચાંદીની કડીઓ. અરીસામાં જોયું, ડોક ઊંચી કરીને કડીને જરા હલાવી. લાંબી ડોક, કુર્તાના ગળાની ધાર પાસે દેખાતા ત્રણ તલનું ઝૂમખું, મરૂન રંગના ગોળ ચાંલ્લાની નીચે બે તેજસ્વી આંખો–રેવતીને લાગ્યું, એના દેખાવમાં કંઈ ખૂટે છે! 'આત્મવિશ્વાસ!- કાશ, નિયતિ હોય અહીંયાં!'